**અમદાવાદ(રૂરલ)ના મહે.૩– જા એડી.જયુડી.મેજી.ફ.ક સાહેબશ્રીની કોર્ટમાં,મુ.અમદાવાદ**

**ક્રિમીનલ કેસ નં.-5346/2010**

**<u>–:આંક–૧ લગત હુકમ :–</u>**

આજ રોજ નામદાર નેશનલ લીગલ સર્વિસ ઓથોરીટીસના ઉપક્રમે સ્પે.સીટીંગ યોજવામા આવેલ છે અને નામદાર ગુજરાત રાજય કાનુની સેવા સતામંડળના તથા નામદાર જિલ્લા અદાલતના આદેશ મુજબ આજ રોજ સ્પેશ્યલ સીટીંગ રાખેલ છે.

આ કામે આરોપીનં–૧ તથા ૨નાઓએ અગાઉ ગુનો કબુલ કરેલ છે અને તેઓ પુરતો કેસ જે તે સમયે પૂર્ણ થયેલ છે તથા આરોપીનં–૩,૪ અને ૫ મળી આવતા નથી. આરોપીઓ સામે ધી પ્રોહી. કલમ–૬૬(૧)બી,૬૫(એ)ઈ,૧૧૬(૧),૮૧ મુજબના ગુન્હા અંગે સંબંધીત પો.સ્ટે દ્વારા કોર્ટ સમક્ષ ચાર્જશીટ રજુ કરવામા આવેલ છે અને ગુન્હાનું સંજ્ઞાન લેવામાં આવેલ છે.

સદર કામે આરોપી સામે વારંવાર સમન્સ/વોરંટ કરવા છતા બજવણી થતી નથી અને આરોપી સામેનો કેસ ઘણો જુનો છે અને આરોપીને વોરંટ પર લાંબા સમયથી મુલતવી રહેતો આવેલ છે અને આરોપી સામે કાઢેલ પ્રોસેસ પણ બજે કે વગર બજે કે નવા સરનામા મેળવી પોલીસ બજવણી તરફથી પરત ફરેલા નથી. કે પોલીસ બજવણી અધિકારી પ્રોસેસની રુએ આરોપીને હાજર કરી શકેલા નથી અને આરોપીને વોરંટ બજી પકડી આવેલા નથી અને કેસ નિષ્ક્રિય બની રહેલ છે અને કેસનું રેકર્ડ જોતા પણ આરોપીની હાજરી મળી આવે તેમ જણાતી નથી અને સરકાર પક્ષે પણ આરોપીની હાજરી કેસમાં ઉપ્લબ્ધ કરાવવા કોઈ અરજી/રીપોર્ટ/રજુઆત નથી. જેથી આરોપીને વારંવાર સમન્સ/વોરંટ ઈસ્યુ કરવા છતાં આરોપીની હાજરી ઉપ્લબ્ધ થઈ શકે તેમ જણાતુ નથી અને કેસની ન્યાયીક કાર્યવાહી લંબાયા સિવાય અન્ય કોઈ હેતુ સરતો નથી. આથી, આરોપીને અદાલત સમક્ષ હાજર કરવા બાબતે પોલીસ તંત્રને વધુ તકો આપવી ઉચીત જણાતી નથી.

**<u>પી.રામચંદ વિ. કર્ણાટક રાજય ૨૦૦૨(૨)જી.એલ.આર. પાના નં.૧૫૪૯ ઉપર પ્રસિધ્ધ થયેલનામદાર સર્વોચ્ચ અદાલતના ચુકાદામાં સિંધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે કે, “The Criminal Courtshould exercise their available powers such as those under section 309,311,258 of the Code of Criminal Procedure,1973 to effectuate the rightto speedy trial”</u>** આ ઉપરાંત નામદાર ગુજરાત હાઈકોર્ટના પત્ર નંબર ૨૯૧૭/૨૦૦૬ તા.૧૭/૧૦/૨૦૦૬ માં નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા નીચલી અદાલતોને એવી સુચના આપવામાં આવેલ છે કે આરોપીઓને અદાલત સમક્ષ હાજર રાખાવવા બાબતે અદાલતો પોલીસ તંત્રને મર્યાદિત તકો આપી યોગ્ય કિસ્સામાં સી.આર.પી.સી. કલમ–૨૫૮ અન્વયે મળેલ સતાઓનો ઉપયોગ કરે. આમ, ઉપરોકત હકીકતો ધ્યાને રાખી સદર કેસની ન્યાયિક કાર્યવાહીનો પ્રકાર તેમજ આરોપીની હાજરી મળી આવતી ન હોય જેથી પોલીસતંત્ર આરોપીને અદાલત સમક્ષ હાજર રાખવામાં નિષ્ફળ નીવડેલ હોય અને હવે વધુ સમય આરોપીને હાજર કરાવવા પોલીસ તંત્રને વધુ સમય આપવો ઉચીત જણાતો ન હોય. જેથી ક્રિમીનલ પ્રો.કોડની કલમ–૨૫૮ ધ્યાને લઈ હાલની કેસની કાર્યવાહી સ્થગીત કરવું ન્યાયોચીત જણાય છે. જેથી નીચે મુજબ હુકમ ફરમાવવામાં આવે છે.

**<u>–: હુ ક મ :–</u>**

૧). આથી ચાર્જશીટ પરના હાલના કેસના આરોપીનં–૩,૪,૫નાઓ વિરુધ્ધ પ્રોહી.કલમ– ૬૬(૧)બી,૬૫(એ)ઈ,૧૧૬(૧),૮૧નાં ગુનામાં ફોજદારી કાર્યરીતી સંહિતા ૧૯૭૩ની કલમ–૨૫૮ મુજબ આરોપી સામેના કેસની આગળની કાર્યવાહી બંધ કરવાનો હુકમ કરવામાં આવે છે. વધુમાં પોલીસ આરોપીને શોધખોળ કરી મળી આવે તો ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ ૩૦૦(૫) અન્વયે ફરી ચાર્જશીટ કરી શકશે.

૨). આરોપીનો જાત મુચરકો તથા જામીનખત રદ કરવામાં આવે છે. જો આરોપીએ જામીનગીરી પેટે રોકડ રકમ જમા કરાવેલી હોય તો તે રકમ જપ્ત કરી સરકાર ખાલસા કરવામાં આવે છે.

૩). આ કામે કબ્જે લીધેલ મુદદામાલ અંગે જો વચગાળાનો કોઈ હુકમ કરેલ હોય તો તે આથી કાયમ રાખવામાં આવે છે અને અન્ય બીનકીમતી મુદદામાલ કે કિંમતી મુદદામાલનો અપીલ સમય વીતે ક્રિમીનલ મેન્યુઅલની જોગવાઈ મુજબ નિયમાનુસાર નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ રોજ તારીખ : ૧૨મી, માહે, નવેમ્બર, સને. ૨૦૨૨ ના રોજ સ્પે.સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : અમદાવાદ.
તારીખ :૧૨/૧૧/૨૦૨૨

**(એમ.એસ.અમલાણી)**
૩–જા એડી. જયુ. મેજી. ફ.ક.
**અમદાવાદ (ગ્રામ્ય) મીરઝાપુર.**